# SPC CAMP

**તા. ૨૯/૪ થી ૩/૫/૨૫:** SPC (Student Police Cadets) દરમિયાન ઉત્તર બુનિયાદી શાળા થવા તા. નેત્રંગ મુકામે SPC કેમ્પ યોજાયો. જેનું આયેજન **પોલીસ નાયબ અધિક્ષકશ્રી ગાંગુલી સાહેબ** દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શાળાનાં કુલ-૩૩ વિદ્યાર્થીઓ તથા શિક્ષક સુરેશભાઇ પ્રજાપતિ (CPO), શિલ્પા કરમોકર (A.C.P.O) તથા નિસર્ગ પ્રજાપતિ જોડાયાં હતાં. આ કેમ્પમાં ફિઝિક્સ એક્ટીવિટી ટ્રેકિંગ, પરેડ, કલ્ચર એક્ટીવીટી, વિલેજ વિઝીટ વગેરે કાર્યક્રમો થયાં હતાં.






**તા. ૨૨/૫/૨૫ : SPC પ્રોજેક્ટ** અંતર્ગત ધો. ૮ અને ૯ નાં SPC નાં વિદ્યાર્થીઓને ભરૂચ રેલ્વે સ્ટેશનની મુલાકાત કરાવી હતી. જેમાં વિદ્યાર્થીઓને ટ્રેન બુકિંગ, ટ્રેન ટાઇમ ટેબલ, ટ્રેનનાં નંબરો વગેરે રેલ્વે વિષયક માહિતી મળી હતી. સાથે રેલ્વે સુરક્ષા બળ (RPF) ની પણ મુલાકાત લીધી હતી. RPF નાં SI. J. S. mind એ RPF ની કામગીરીની ઊંડાણપૂર્વક સમજ આપી હતી. આ કાર્યક્રમમાં **મહિલા પોલીસ સ્ટેશનનાં DI શૈલેન્દ્રભાઇ** તથા શાળાનાં શિક્ષકો સુરેશભાઇ પ્રજાપતિ (CPO), શિલા કરમોકર (A.C.P.O) તથા નિસર્ગ પ્રજાપતિ જોડાયાં હતાં.





**તા. ૧૫/૮/૨૫ : શાળાના ૭૯ મા સ્વાતંત્ર્ય દિનના પાવન અવસરે શાળામાં SPC ના વિદ્યાર્થીઓ દ્વારા પરેડ યોજાઇ હતી.** તાલીમ પ્રાપ્ત SPC કેડેટ્સ દ્વારા સુવ્યવસ્થિત પગલાં સમન્વય અને શિસ્તબદ્ધ રજૂઆત થકી રાષ્ટ્રીય એકતા અને ગૌરવનો સંદેશ પાઠવ્યો હતો.

**તા. ૮/૧/૨૬ : શાળાના ધો. ૬ થી ૯ (વિ.પ્ર. તથા સા.પ્ર., ગુ.મા., અં.મા.) ના ૭૭૦ વિદ્યાર્થીઓનું નારાયણ બાપુના આશ્રમ, સ્થળે યોજાયેલ શૈક્ષણિક પ્રોજેક્ટ પ્રદર્શનમાં શાળાના SPC ના વિદ્યાર્થીઓએ "ઓપરેશન સિંદૂર"ને અસરકારક રીતે રિપ્રેઝન્ટ કર્યુ હતું. જે થકી શોર્ય, ત્યાગ અને દેશ સેવાની ભાવનાને ઉજાગર કરી. કન્વી. સુરેશભાઇ પ્રજાપતિ (CPO)**







**વિદ્યાર્થીઓના હિત માટે કરવામાં આવતું વ્યવહારું સંશોધન એટલે ક્રિયાત્મક સંશોધન.**